Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

માર્ચ

વીર સં. ૨૪૮૫
વિ. સં. ૨૦૧૫
ઈ. સ. ૧૯૫૯

सव्वभूयप्पभूयस्स
सम्मं भूयाइं पासओ ।
पिहियासवस्स दन्तस्स
पावं कम्मं न बन्धई ॥

નાનામોટા તમામ જીવોને જે પોતાના આત્મા સમાન બરાબર સમજતો હોય અર્થાત્ 'પોતે સર્વભૂતમય છે' એમ બરાબર જે જાણતો હોય, જેને મારા-તારાનો ભેદ વા પારકા પોતાનાનો ભાવ મુદ્દલ નથી એવાને તથા ઇંદ્રિયનિગ્રહી અને ફરીવાર ન ઊપજે એ રીતે દોષ-સ્થાનોને ઢાંકી દેનાર સાધકને પાપકર્મનું બંધન થતું નથી

सोच्चा जाणइ कल्लाणं
सोच्चा जाणइ पावगं ।
उभयंपि जाणइ सोच्चा,
जं छेयं तं समायरे ॥

સાધક, સંતપુરુષોનાં વચનોને સાંભળીને શ્રેયકર માર્ગને જાણી શકે છે. એ જ રીતે (સંતપુરુષોનાં વચનોને) સાંભળીને પાપકર માર્ગને પણ જાણી શકે છે. એ બંને માર્ગને સાંભળ્યા પછી જ તેમનું ખરું જ્ઞાન મળી રહે છે, માટે પ્રથમ શ્રવણ તરફ લક્ષ્ય કરવું, અને પછી મનન તરફ સાવધાન બનવું—આમ કર્યા પછી જે શ્રેયરૂપ માર્ગ છે તેનું આચરણ કરવું. —મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


૧ [illegible] ... ... ( મુનિરાજશ્રી [illegible] ) ૧
૨ [illegible] ... ( મુનિરાજશ્રી [illegible] ) ૨
૩ નૂતનવર્ષાભિનંદન... ... ... ( મુનિરાજશ્રી [illegible] ) ૩
૪ નૂતનવર્ષાભિનંદન ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૪
૫ નૂતનવર્ષાભિનંદન ... ... ... ( હીરચંદ [illegible] શાહ ) ૬
૬ નૂતનવર્ષાભિનંદન ... ... ( શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી ) ૬
૭ [illegible] ... ... ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૮
૮ [illegible] ... ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૧૦
૯ કુમારપાળના જીવનવૃત્તાંત સંબંધી સાહિત્ય ( શ્રી હીરાલાલ ર. કાપડીયા એમ. એ. ) ૧૨
૧૦ શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક : ૧૭ ( અનુ૦ આ. શ્રી વિજયમહેંદ્રસૂરિજી ) ૧૫
૧૧ શ્રી દીપોત્સવી પર્વ .... .... ( શ્રી હીરાચંદ સ્વરૂપચંદ ) ટા. પે. ૩
૧૨ પુસ્તકોની પહોંચ .... .... .... .... ટા. પે. ૩-૪


## નૂતનવર્ષ :: જ્ઞાનપંચમી મહોત્સવ :: પૂજા

આપણી સભાના માનનીય પ્રમુખ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શેઠ તરફથી નૂતન વર્ષના મંગળમય દિવસે સભાના મકાનમાં સવારના દુધપાનનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો, જેનો સભાસદ બંધુઓએ સારી સંખ્યામાં લાભ લીધો હતો અને પરસ્પર શુભેચ્છા દર્શાવી જ્ઞાનપૂજન કર્યું હતું. શ્રીયુત ભોગીલાલભાઈ પ્રતિવર્ષ આ પ્રમાણે લાભ ઊઠાવી રહ્યા છે તે અભિનંદનને પાત્ર છે.

કાર્તિક શુદ પંચમી ને શનિવારના રોજ સભાના મકાનમાં સુંદર રીતે જ્ઞાન-રચના કરવામાં આવી હતી, જેનો હજારો ભાઈ-બહેનોએ દર્શન-પૂજનનો લાભ લીધો હતો.


કાર્તિક શુદ છઠ્ઠ ને રવિવારના રોજ સવારના નવ કલાકે જ્ઞાન-રચના સમીપે પંચજ્ઞાનની ઠાઠમાઠથી પૂજા ભણાવવામાં આવી હતી, જેનો સભાસદબંધુઓ ઉપરાંત અન્ય ગૃહસ્થોએ સારા પ્રમાણમાં લાભ લીધો હતો.

## આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક શ્રીયુત ભોગીલાલભાઈ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફમેમ્બર પણ છે, તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ સં. ૨૦૧૫ની સાલના કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓને તેમજ "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મળ્યા છે, જે આ અંક સાથે છે તે સંભાળી લેવા વિનંતિ છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૫ મું
અંક ૧ લો

કાર્તિક

વીર સં. ૨૪૮૫
વિ સં. ૨૦૧૫

# શ્રી ગૌતમસ્વામીજીની ગુણસ્તુતિ

(અન્દે જીવન હૈ સંગ્રામ)

ગૌતમ ગુરુનું નામ સમરતાં, હોવે મંગલમાળ. ભવિયાં હોવે૦
વિઘ્નો દૂર પલાય. ભવિયાં હોવે૦
શ્રી વસુભૂતિ દ્વિજકુલ દીવો, માત પૃથ્વી કૂખ રત્ન, ભવિયાં માત૦
ઇન્દ્રભૂતિ પ્રભુવચને બૂઝી, પાયા સંયમ રત્ન. ભવિયાં પાયા૦ ૧
વીર પ્રભુના શિષ્ય પ્રથમ એ, ભવિજન તારણહાર, ભવિયા ભવિ૦
ગણધરવર કામિતવરદાયક, ગુણગણના આધાર. ભવિયાં ગુણ૦ ૨
પ્રભુમુખથી ત્રિપદી લહીને, દ્વાદશાંગી રચનાર. ભવિયાં દ્વાદ૦
ઘોર મિથ્યાત્વતણાં હરનારા, જ્ઞાન પ્રકાશનહાર ભવિયાં જ્ઞાન૦ ૩
પ્રભુજી લબ્ધિતણાં ભંડાર, જિનશાસન શણગાર, ભવિયાં જિન૦
નામ જપંતાં પાતિક જાવે, પ્રગટે પુણ્યનિધાન ભવિયાં પ્રગટે૦ ૪
કેઈ ભવ્યોને ભવજલધિથી, પાર કર્યા ભગવંત, ભવિયાં પાર૦
તુજ કરપદ્મથી દીક્ષિત જન સહુ, પામ્યા મુક્તિ મહંત. ભવિયાં પામ્યા૦ ૫
કાર્તિક શુદિ એકમને દિવસે, પાયા કેવલજ્ઞાન, ભવિયાં પાયા૦
નૂતન વર્ષતણા સુપ્રભાતે, વર્ત્યો જય જયકાર. ભવિયાં વર્ત્યો૦ ૬
મનવાંછિત હોવે પ્રભુનામે, સીઝે સઘળાં કાજ, ભવિયાં સીઝે૦
હેમચન્દ્ર ગુરુદેવપસાયે, આનન્દ મંગલ આજ. ભવિયાં આનન્દ૦ ૭

—મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી

For Private And Personal Use Only

# શ્રી જૈન ધરમ પ્રકાશનું તેજ સદા વધતું રહો

( નેમ પ્રભુના ચરણકમળની લગની અમને લાગી—એ રાગ )

શ્રી જિનવરને પ્રેમ ધરીને, વંદો અતિ આનંદે.
જૈન ધર્મ છે જગમાં મોટો, અહિંસામાં નવ કોઈ જોટો;
નરભવ પામી, સેવો શિવગામી, નવ પડશો ભવફંદે. શ્રી જિનવર૦
ધર્મ મધ્યે જે મુખ્ય અહિંસા, બીજું જૂઠ નહીં વીશ વસા;
રજ નહીં ચોરી બ્રહ્મ વ્રત ધોરી, પરિગ્રહ દૂર છંડે. શ્રી જિનવર૦
મર્મ ન બોલો-છિદ્ર ન ખોલો, નવિ ફેંકો કોઈ આપનો ગોળો;
પ્રભુને ભજશે પાપને તજશે, નામ રહે નવ ખંડે. શ્રી જિનવર૦
કામ ક્રોધ ને લોભ મોહ વળી, રાગ દ્વેષ ને મદ માયા જે;
સમતારૂપી ઢાલ બાંધીને, ટાળો રણને જંગે. શ્રી જિનવર૦
નૂતન વર્ષમાં તપ કરીને, શિયળ પાળો ભાવ ધરીને;
તેજ આત્મતણું પ્રગટાવે, વરો શિવનારી રંગે. શ્રી જિનવર૦
જન્મ થયો જે શ્રાવક કુળમાં, નવ રગદોળો મિથ્યાત્વ ધૂળમાં;
સત્ય નીતિથી વહેવાર સાધી, નવ ચડશો કુછંદે. શ્રી જિનવર૦
દાન પંચ પ્રકારે ભાખ્યાં, તેહમાં એ તો ઉત્તમ દાખ્યાં;
વળીય વાપરે સાત ક્ષેત્રમાં, તેહને કર્મ ન દંડે. શ્રી જિનવર૦
ધર્મના ચાર પ્રકાર દાખે, તેહમાં પ્રથમ દાન જ ભાખે;
તુંગીયા નયરીના શ્રાવકની જેમ, રાખો દ્વાર અભંગે. શ્રી જિનવર૦
રસનાથી શુભ વચણ ઉચરશે, બે હજાર પંદરમે વરસે;
હોંશે લાભ વદે મુનિ ભાસ્કર, ધર્મતણો અખંડે. શ્રી જિનવર૦

—મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી

## ॥ नूतन वर्षाभिनंदन ॥

( भुजङ्गप्रयातम् )

समुन्मूलितो गाढमोहान्धकारः,
कृतो येन जैनेन्द्रतत्त्वप्रसारः ।
बुधानां सुबोधप्रदं सूक्तिरम्यं,
सदा भातु तज्जैनधर्मप्रकाशम् ॥ १ ॥

—मुनि हेमचन्द्रविजयः

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતનવર્ષાભિનંદન

લેખક :
શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

રવિશશિ મળીયા એક થઈને પ્રગટી કાળી નિશા જિહાં,
અંધારું અવનીમાં પસર્યું દેખે નેત્ર ન કાંઇ તિહાં;
કાળ પાકિયો આત્માકેરો ક્રૂર ગ્રહો સહુ ઊગિયા છે,
મહન્મંગલા મુક્તિપુરીમાં વીરપ્રભુ જઈ વસિયા છે. ૧
કાર્તિકની પ્રતિપદા ઊગી છે મુક્તિતણો સંદેશ લઈ,
ગૌતમ ઋષિવર ખેદ કરે છે મન્મતિ હાહા! શૂન્ય થઈ;
વીર કોણ ને ગૌતમ કુણ છે? ખેદ દિસે એ મોહતણો,
જ્ઞાનરવિ ગૌતમ ઋષિ હૃદયે પ્રગટ્યો આત્મા શુદ્ધ ઘણો. ૨
એવા મંગલમય શુભ દિવસે નવીન વર્ષમાં પદાર્પણા,
પંચોત્તરમાં વર્ષે મૂકે ભક્તિભાવયુત વધામણાં;
દિનદિન એનું તેજ વધો ગુણ ધર્મભાવ પ્રગટાવામાં,
મંગલ મનરંજનની સાથે આત્મસમુન્નતિ કરવામાં. ૩
દેવગુરુના ગુણગણ ગાવે જૈન ધર્મ પ્રકાશ કરી,
ચુમોત્તર વર્ષો ત્યાં વીત્યા સેવા કરતા ભક્તિભરી;
આનંદોર્મિ જાગે ચિત્તે ઉપમો જેને કોઈ નહીં,
લેખક વાચક ને આરાધક સંચાલકના ચિત્ત મહીં. ૪
માળા ગૂંથી વિવિધ વર્ણના કુસુમ મેળવી જ્ઞાનતણા,
રંગ રૂપ જસ સરસ સુગંધી રસભર કાવ્યો લેખ ઘણા;
જેહ વાંચતા ને સાંભળતા ઉલ્લસિત ભવ્યજનો થાતા,
ઘરઘર સામાયકમાં વાંચે કેઈ જન કાવ્યોને ગાતા. ૫
આચાર્યો ગણિવર્યો મુનિજન પંડિત કેઈ પિરસે એમાં,
મધુર સુરોચક સ્નિગ્ધ અર્થભર કાવ્ય પ્રબંધો માસિકમાં;
સાકર દ્રાખથકી પણ અનુપમ કાવ્યરૂચિર પંક્તિ મીઠી,
એક એકથી વધે અલંકૃતિ શબ્દમંજરી જ્યાં દીઠી ૬
કેઇ પંડિત શ્રાવકજન પિરસે કથા કાવ્ય નવ રસ ભરિયા,
વિવિધ રત્ન મુક્તાફલ સમજે ભાસે જ્ઞાનતણા દરિયા;
બોધક ને વળી પાપનિરોધક કાવ્ય પ્રબંધો પિરસે છે,
જે વાંચીને ભવિજન હરખે આત્મા નિજનિજ પરખે છે. ૭
જ્ઞાની પંડિત સુંદર કાવ્યો પ્રબંધ લખતા બોધભર્યા,
રુચિકર મનને મોદ સમર્પે સ્ફુરણા આત્મિક ચિત્ત ઠર્યા;
ઘરઘરમાં માસિકનો વધજો પ્રકાશ સુંદર જ્ઞાનગુણે,
બાલેન્દુ વાંછે ઈમ મનથી સુખકર હોજો સર્વ જને. ૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતનવર્ષાભિનંદન

શ્રી દીપચંદ જીવણલાલ શાહ

વિ. સં. ૨૦૧૫ના વર્ષે "શ્રી જૈન ધર્મ પ્રકાશ" ચુમોત્તરમું વર્ષ પૂર્ણ કરી પંચોતેરમા વર્ષમાં પ્રવેશ કરે છે: અને એ રીતે પોણી સદી જેવું દીર્ઘ એકધારું જીવન એ "પ્રકાશ" ને માટે ગૌરવવંતો પ્રસંગ ગણી શકાય. ગત વર્ષમાં પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય, આચાર્ય મહારાજ શ્રી વિજય મહેન્દ્રસૂરીશ્વરજી, તપસ્વી મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી, મુનિમહારાજ શ્રી રુચકવિજયજી, મુનિમહારાજ શ્રી હેમચંદ્રવિજયજી, મુનિમહારાજ શ્રી મનમોહનવિજયજી વગેરે તેમજ શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રીયુત બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" શ્રીયુત્ હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ એ. શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી, ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા એમ. બી. બી. એસ. વગેરે લેખકોએ "પ્રકાશ"-માં લેખો લખ્યા છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવે છે અને નૂતન વર્ષમાં તે સર્વેનો તેવો જ સહકાર ચાલુ રહેશે તેવી ઇચ્છા પણ રાખીએ છીએ.

ગત વર્ષમાં વિજ્ઞાનની નવી નવી શોધો થઈ છે અને વિજ્ઞાનની પ્રગતિ કૂદકે ને ભૂસકે આગળ વધી રહી છે. રશિયાએ ત્રણ સ્પૂટનિકો આકાશમાં ઊંચે ચડાવ્યા હતા. અને તેમણે પૃથ્વીની આસપાસ પ્રદક્ષિણા પણ ઘણી જ કરી છે. તેમાંનો એક સ્પૂટનિક જેમાં 'લાયકા' નામની કૂતરીને આકાશમાં ચડાવવામાં આવી હતી તે સ્પૂટનિક બળીને ભસ્મ થઇને પૃથ્વી પર પડી ગયેલ છે. અમેરિકાએ પણ ત્રણ બાલચંદ્રો આકાશમાં ચડાવ્યા હતા પણ તેઓ પૃથ્વીની આસપાસ પ્રદક્ષિણા કરવાની શરૂઆત કરે તે પહેલાં સળગીને પૃથ્વી પર પડી ગયા છે. અમેરિકાએ એક ચોથા બાલચંદ્રને ચંદ્રલોકમાં મોકલવાનો યત્ન કર્યો પરન્તુ તે બાલચંદ્ર પણ સળગીને પૃથ્વી પર પડી ગયેલ છે. બન્ને મહાન દેશો થોડાંક વર્ષોની અંદર ચંદ્ર પર અથવા મંગલ પર પૃથ્વી પરના મનુષ્યોને મોકલવાનો અને ચંદ્ર તથા મંગળના વાતાવરણનો અભ્યાસ કરવાનો વિચાર રાખે છે.

ભાવનગરમાં તપસ્વી મુનિમહારાજ ભાસ્કરવિજયજીએ પર્યુષણ પહેલાં એક માસના ઉપવાસ કર્યા હતા. તેની સફળ પૂર્ણાહુતિની ઉજવણી પ્રસંગે અત્રેના દાદાસાહેબ જિનાલયની આસપાસ વસતા જૈન ગૃહસ્થોએ એક ફંડ ઊભું કરીને સારી રકમ એકઠી કરી હતી અને તેનો વ્યય દાદાસાહેબ આસપાસ રહેતા જૈન બંધુઓનું સ્વામિવાત્સલ્ય કરવા માટે નક્કી કર્યું પણ ભાવનગર સંઘના અન્ય આગેવાનોને આ બાબત બરાબર નથી એમ લાગવાથી કેટલાક આગેવાનોએ એકત્ર થઈ નક્કી કર્યું કે એક સારી એવી રકમ ભેગી કરવી અને પર્યુષણ પહેલાં સામાન્ય સ્થિતિના સાધર્મી બંધુઓને સસ્તી કિંમતે અનાજ વગેરે આપવું. આ દિશામાં પ્રયાસ શરૂ કર્યો અને જોતજોતામાં રૂા. દશ હજાર જેવી રકમ એકઠી થઇ ગઈ અને સામાન્ય સ્થિતિના બંધુઓને ઘઉં, તેલ, ખાંડ અર્ધી કિંમતે આપવામાં આવ્યા અને આશરે બારેક હજાર રૂપિયાનો ખર્ચ કર્યો. આ પ્રમાણે કાર્યવ્યવસ્થા થવાથી આગેવાનોને એક ન કલ્પ્યો હોય તેવો અનુભવ થયો અને તે ખરેખર વિચાર ઉપજાવે તેવો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનગરમાં વસતા આશરે અઢારસો જૈન કુટુંબોમાંથી લગભગ અર્ધા કુટુંબો મુશ્કેલીથી પોતાના જીવનનિર્વાહ કરે છે. થોડા દિવસ અગાઉ આપણા પંત પ્રધાન જવાહરલાલજીએ કહ્યું હતું કે આવી રીતે સાધારણ મનુષ્યોને અનાજ વગેરે આપવું તે ગરીબાઈનો નાશ કરતું નથી. જો જૈન સમાજ હાઈસ્કૂલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને અને જેઓ શ્રમ કરીને જીવવા વિચાર રાખતા હોય તેમને અમુક અંશે રોકડ રકમ અને અમુક અંશે લોન આપીને મદદ કરશે તો જ સમાજની ગરીબાઈ ઓછી થશે. આવી જ પરિસ્થિતિ ફક્ત એકલી ભાવનગરમાં જ છે તેમ નથી પણ સ્થળે સ્થળે આવા અનુભવો થાય છે, તો જૈન સમાજના હિતસ્વીઓએ સૌપ્રથમ આ દિશામાં કાર્ય કરવાની પહેલ કરવી જોઈએ.

ધર્મ માનવ જીવનનું મુખ્ય અંગ છે. વિશ્વના કલ્યાણકારી અંશો ધર્મમાંથી જ ઉત્પન્ન થયા છે તેથી ધર્મ અને માનવ કલ્યાણ એક જ સિક્કાની બે બાજુઓ છે. એ તો નિર્વિવાદ છે કે ધર્મના અવલંબન વિના મનુષ્ય વિજ્ઞાનની પ્રગતિનો લાભ ઉઠાવી શકશે નહિ અને સર્વ-નાશમાંથી બચી શકશે પણ નહિ. જીવનમાં શાંતિનું મૂળ ધર્મ છે. આમ જ છે ત્યારે ધર્મનું અધ્યયન અને પાલન વ્યક્તિના બચપણમાંથી જ થવું જોઈએ તેથી વ્યક્તિના બચપણમાંથી જ ઉત્તમ ધાર્મિક સંસ્કારો પાડવા એ સરકારની સર્વપ્રથમ અગત્યની ફરજ છે પણ આપણી સરકાર બીનસાંપ્રદાયિક હોવાથી ધર્મ પરત્વે ઉદાસીન જ રહે છે તેથી દરેક ધર્મના અનુયાયીઓએ પોતાના બાળકોને કેવી ધાર્મિક કેળવણી આપવી તે સ્વયં જ વિચારવાનું રહે છે આપણા સમાજ-માં ધાર્મિક અભ્યાસ કરાવવા માટે ધાર્મિક પાઠશાળાઓ ચાલે છે પણ તેથી જેવી જોઈએ તેવી પ્રગતિ સધાતી નથી. અત્યાર સુધી જુદાજુદા મંડળોએ પોતાની માન્યતા પ્રમાણે ધાર્મિક કેળવણીના અભ્યાસક્રમો બહાર પાડ્યા છે અને પરીક્ષાઓ લઈ ઈનામો આપે છે. આ રીતે વિદ્યાર્થીઓને જુદીજુદી પરીક્ષાઓમાં બેસવું પડે છે તેથી વિદ્યાર્થીઓમાં જેવી જોઈએ તેવી ધાર્મિક પ્રગતિ થતી નથી તેમ જેવો જોઈએ તેવો રસ પણ જાગૃત થતો નથી એથી ધાર્મિક શિક્ષણ સંઘ–મુંબઈ, શ્રી જૈનશ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ–મુંબઈ, તત્વજ્ઞાન વિદ્યાપીઠ–પુના વગેરેના સંચાલકોમાંથી એક જ જાતનો અભ્યાસક્રમ શિખવાય તે માટે એક કમીટી નીમાયેલ છે. અમારું મંતવ્ય છે કે એ કમીટીના સભ્યો અરસપરસ સહકારથી અને ઉદાર વિચારસરણીથી કામ કરશે તો વિદ્યાર્થી-ઓના ધાર્મિક શિક્ષણમાં સર્વાંગીય પ્રગતિ થાય એવો એક સર્વમાન્ય અભ્યાસક્રમ ઘડી કાઢવા ફતેહમંદ થશે.

ગત વર્ષમાં મુનિસંમેલને જૈન સમાજનું ધ્યાન ખેંચેલ હતું. અમદાવાદવાળા શ્રીયુત કેશવલાલભાઈ લલ્લુભાઈ અને બીજા ગૃહસ્થોએ બધા મુનિમહારાજાઓને અને ખાસ કરીને આચાર્યો ભગવંતોને અમદાવાદમાં તિથિચર્ચા નિમિત્તે ભેગા કરવા યત્નો કર્યા હતા અને દૂર દૂર વિહારમાં હોવા છતાં લગભગ બધા આચાર્યભગવંતો અમદાવાદ ભેગા થયા હતા પણ "પ્રથમ કોળીએ મક્ષિકા" તે કહેવત પ્રમાણે સંમેલન મુકરર દિવસે મળ્યું નહિ કારણ કે એકાદ બે આચાર્યો તે દિવસે અમદાવાદ પહોંચી શકયા નહિ તેથી સંમેલન જે દિવસે ભરાવું જોઈતું હતું તે એકાદ મહિનો મોડું ભરાયું તેથી જ્યારે બીજા પક્ષના આચાર્યો સમાધાન પર આવી શકયા નહિ. અને તિથિ સંબંધી કાંઈપણ નિર્ણય કર્યા વિના છૂટા પડ્યા ત્યારે તેમની વચ્ચે સમાધાન કરાવવાના દિવસો રહ્યા નહિ કારણ કે પર્યુષણના પવિત્ર દિવસો નજીક આવતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી અમુક આચાર્યો અમદાવાદથી વિહાર કરવા બહુ જ આતુર હતા. સંમેલન વિખરાયા પછી રતલામવાળા બે ભાઈઓએ સંવત્સરી પર્વનો દિવસ નક્કી ન થાય તો આમરણાંત ઉપવાસ કરવાનો નિયમ લીધો. થોડા દિવસ પછી શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ તેમને સમજાવીને પારણા કરાવ્યા અને પોતે તથા બીજા ગૃહસ્થોએ મળીને સંવત્સરી પર્વનો દિવસ આચાર્ય ભગવંતો નક્કી ન કરી શકે તો શ્રી સંઘે વચ્ચે પડી તે દિવસ નક્કી કરવાના ચક્રો ગતિમાન કર્યા અને અમદાવાદના શ્રી સંઘે મંગળવારના દિવસે સંવત્સરી પર્વ કરવું એવો આદેશ આપ્યો અને તે આદેશનો બીજા સંઘોએ સ્વીકાર કર્યો. હજુ તિથિઓ સંબંધી કાંઇ પણ નક્કી થયેલ નથી તે પણ અમદાવાદના સંઘે નક્કી કરી થોડા સમયમાં બહાર પાડવું જરૂરનું છે, કારણકે અમદાવાદે આગેવાની લીધી છે તે તેણે પૂર્ણ કરવી જોઈએ અને આજે સમાજમાં શ્રીયુત કસ્તુરભાઈનું તેમજ અમદાવાદના શ્રી સંઘનું અગ્રસ્થાન છે. કટોકટીના સમયે કલહના બીજને ડાંભવા માટે તેમણે જ કમ્મર કસવી જોઈએ તેમ જૈન સમાજ અંતઃકરણપૂર્વકની અભિલાષા સેવી રહ્યો છે. શાણો ગણાતો સાધુ સમાજ પણ કાળબળને સમજી યોગ્ય નિરાકરણ પર આવશે એવી આશા છે.

આજે કેટલાક મનુષ્યો જીવનને શુદ્ધ અથવા નિર્મળ કરવા માટે ધ્યાન ધરે છે, કેટલાક પરમાત્મા પાસે પ્રાર્થના કરે છે, કેટલાક ધાર્મિક પુસ્તકો વાંચવામાં પોતાનો સમય પસાર કરે છે, કેટલાક વ્યાખ્યાન શ્રવણ કરવામાં આનંદ માને છે, કેટલાંક વ્રત, તપ, નિયમ પાળતા દેખાય છે. આવી રીતે મનુષ્યોને શક્ય એટલા બધા યત્નો જોવામાં આવે છે પણ સરવાળે લગભગ ઘણા મનુષ્યો જીવનને નિર્મળ કરવામાં એક પણ પગલું આગળ વધેલ જોવામાં આવતા નથી કારણકે ઉપરની બધી ધાર્મિક ક્રિયાઓ મનુષ્યો "અહમ્" અને "મમત્વ"-ને સાચવી રાખીને કરે છે. જ્યાં સુધી તેઓ તેમનો ત્યાગ કરશે નહિ ત્યાં સુધી તેમના જીવનને વિશુદ્ધ કરી શકશે નહિ.

આ નૂતન વર્ષ સર્વે લાઇફમેમ્બરોને, સભાસદ બંધુઓને અને પ્રકાશના ગ્રાહકબંધુઓને તેમજ સર્વ શુભેચ્છકો અને ગ્રાહકોને સુખરૂપ નીવડો તેવી પરમાત્મા પાસે પ્રાર્થના સાથે વિરમીએ છીએ.

## નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષના મંગલ પ્રભાતે, વીર! વંદન વાર હજારા રે,
તવ ચરણે મમ શીશ નમાવી, પ્રાર્થું તારણહારા રે....૧
નવનિધિ પૂરજો સૃષ્ટિમાં, સુણાવો સંપનાદ મધુરા રે,
વધજો બળ, બુદ્ધિ ને લક્ષ્મી, દેહ હજો સુખકારા રે....૨
રમણ કરવા શુભ ધ્યાનમહીં તો, દેજો સદ્‌ગુણ સારા રે,
સમભાવની પુણ્ય પ્રભાથી, હરજો ઇર્ષ્યાના અંધારા રે....૩
અહંકારના અજગરથી બચવા, પાજો નમ્રતાપિયૂષ પાનો રે,
ભિષજ્ સમ ઔષધ કરજો મુજ, ભવરોગ દૂર કરવા રે....૪
નંદન ત્રિશલા માત, મહાવીર! યાચું અમીરસ ઝરણા રે,
દશ દિશે તુજ સંદેશ ફેલાયે, પ્રસરે આત્મશાંતિ અજવાળા રે....૫
નવલ દિને નવલ ભાવના, ધર્મપ્રીતિ ઉર ધરવા રે;
ૐકારમાં લીન થવાયે, બાજે મુક્તિઘંટ રણકારા રે....૬

શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ
ગાંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધૂરું સ્વપ્ન

દૃશ્ય બીજું

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

અહીં તો મહાન્ તાર્કિક **શ્રી સિદ્ધસેન દિવાકરજી**એ જે કાર્ય કરેલ છે, એમનામાં જે વિદ્વત્તાની પ્રભા ચમકતી હતી, સાથોસાથ જે સમન્વય શક્તિ ગર્જતી હતી, એ સર્વ માટે જૂદા જૂદા વિદ્વાનોએ જાણે એકાદ પટ ન તૈયાર કર્યો હોય એમ જણાય છે.

'દુષમા કાળરૂપી નિશામાં દિવાકર એટલે સૂર્ય જેવા હોઇને '**દિવાકર**' નામવાળા અને પ્રતિષ્ઠિત યશવાળા શ્રુતકેવલી આચાર્ય સિદ્ધસેને **સન્મતિ** નામા અદ્ભુત ગ્રન્થની રચના કરી, જૈન સાહિત્યને અણુમૂલી ભેટ ધરી છે.'

—**શ્રી હરિભદ્રસૂરિ** (પંચવસ્તુક)

**શ્રી સિદ્ધસેન, શ્રી હરિભદ્ર** પ્રમુખ સૂરિઓ મારા પર કૃપાવન્ત થાઓ કે જેમના વિવિધ નિબંધોને સતત વિચારતાં મારા જેવો અલ્પ પ્રતિભાવાળો પણ શાસ્ત્ર રચવાની ઇચ્છા રાખે છે.

—**શ્રી વાદીદેવસૂરિ** (સ્યાદ્વાદરત્નાકર)

**સિદ્ધસેનરૂપી દિવાકર (સૂર્ય)** અર્હન્તમતરૂપી આકાશમાં એવો પ્રકાશ પાથરે છે કે જેથી પૃથ્વી પર કવિરાજોની-અને સ્વર્ગમાં બૃહસ્પતિજીની પ્રભા ઝાંખી પડી ગઇ! એ આશ્ચર્યરૂપ છે.

—**શ્રી મુનિરત્નસૂરિ** (અમમચરિત્ર)

વાદી **સિદ્ધસેન દિવાકર** (રૂપી સૂર્ય) અસ્તંગત થતાં દક્ષિણાપથમાં હવે વાદીઓરૂપી આગીઆ સ્ફુરે છે.

—**શ્રી પ્રભાચંદ્રસૂરિ** (પ્રભાવક ચરિત્ર)

તમસ્ના પુંજને હણવા **શ્રી સિદ્ધસેન દિવાકર**નો ઉદય થયો કે જેથી વાદીઓરૂપી ઘુવડો ચૂપ થઈ ગયા.

—**શ્રી પ્રદ્યુમ્નસૂરિ** (સમરાદિત્ય સંક્ષેપ)

ઉપર પ્રમાણે જે પ્રશસ્તિ સર્જાઇ હતી, એમાં હેઠળના ભાગે મોટા અક્ષરોમાં જાણે એ મહાત્માના ટંકશાળી વચનો ન હોય એમ આલેખાયું હતું કે-

જેમ સર્વ નદીઓ **સમુદ્રમાં સમાઈ** છે તેમ **હે** પ્રભુ! સર્વ દૃષ્ટિઓ તારામાં **સમાઇ** છે; વળી જેમ જૂદી જૂદી નદીઓમાં **સમુદ્ર** નથી દેખાતો, તેમ તે દૃષ્ટિઓમાં તું વિશેષે દેખાતો નથી.

**દ્વાત્રિંશિકા શ્લો. ૧૪**

જે શબ્દ **નથી**, રૂપ નથી, રસ નથી, તેમ ગંધ પણ નથી, વળી જે સ્પર્શ **નથી**, વર્ણ નથી, લિંગ--ચિન્હ નથી, જેને નથી પૂર્વત્વ કે નથી પરત્વ, તેમ જેને સંજ્ઞા નથી એવો એક પરમાત્મા જિનેંદ્ર મારી ગતિ છે.

—**શ્રી મહાવીરદ્વાત્રિંશિકા શ્લો. ૨૫**

જેના વિના લોકનો વ્યવહાર પણ સર્વથા ચાલી શકતો નથી તે-ભુવનના એક ગુરુ સમાન **અનેકાંતવાદને** નમસ્કાર.

શ્રી જિનવચનરૂપ ભગવાન્ સદા જયવંત રહો, કે જે અન્ય દર્શનોના સમૂહરૂપ છે, જેનો મર્મ સમજવાને સંવેગ સુખની પ્રાપ્તિ આવશ્યક છે.

—**સન્મતિસૂત્ર**

એ પછીની નિમ્ન કંડિકા વાંચતાં **સરખામણી** અને ઇતિહાસના અંકોડા નજરે ચઢયા. **અહા**! કેવા સુંદર શબ્દોમાં, અને વળી **સંક્ષેપમાં** મુદ્દાસર નોંધ કરી છે!

"જૈન ધર્મના **પ્રમાણશાસ્ત્રના** મૂળ પ્રતિષ્ઠાપક આચાર્ય **સિદ્ધસેન દિવાકર** અને પછી **આપ્તમીમાંસા** દ્વારા સ્યાદ્વાદ(અનેકાંતવાદ)નું સમર્થન કરનાર **સ્વામી સમન્તભદ્ર**-બંને જૈનધર્મના મહાન્ પ્રભાવક અને સમર્થ સંરક્ષક મહાત્મા થયા. ચાલી આવતી માન્યતા અનુસાર **સિદ્ધસેન શ્વેતાંબર** સંપ્રદાયમાં **વિક્રમ** રાજાના **સમયમાં** થયા અને **સમન્તભદ્ર** દિગંબર સંપ્રદાયમાં **વિક્રમની** બીજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદીમાં થયા છે. ક્વચિત્ **સમન્તભદ્ર**ને વનવાસી તરીકે પોતાના સંપ્રદાયમાં શ્વેતાંબરો સ્વીકારે છે અને વાદિમુખ્ય અને સ્તુતિકાર તરીકે હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, મલયગિરિજી આદિ ટાંકે છે પણ **આપ્તમીમાંસા**ના કર્ત્તા તરીકે તેમને સ્વીકારેલા જણાતા નથી. ગમે તે હો, પણ ઉભય મહાન્ પ્રભાવક હતા જ.

વિક્રમના 'નવરત્નો' પૈકી જે **'ક્ષપણક'** નામ ગણાય છે એ **સિદ્ધસેન** હોવા ઘટે એમ ડૉ. સતીશચંદ્ર કહે છે. ઉપલબ્ધ જૈનવાઙ્મયનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં જણાય છે કે **સિદ્ધસેન** પહેલાં જૈનદર્શનમાં તર્કશાસ્ત્ર સંબંધી કોઇ સ્વતંત્ર સિદ્ધાંત પ્રચલિત હતો નહિ. તેની પૂર્વે પ્રમાણશાસ્ત્ર સંબંધી વાતો કેવળ આગમગ્રંથોમાં જ અસ્પષ્ટ રૂપે સંકલિત હતી; અને તે સમય સુધી તે વાતોનું કંઇ વિશેષ પ્રયોજન પણ હતું નહિ. **સિદ્ધસેનસૂરિ**ના પહેલાનો જમાનો તર્કપ્રધાન નહોતો પરંતુ આગમપ્રધાન હતો. માત્ર આપ્ત પુરુષના વચન ત્યાં સુધી શિરોધાર્ય ગણાતાં. બ્રાહ્મણ અને બૌદ્ધધર્મની પણ એ અવસ્થા હતી, પરંતુ મહર્ષિ ગૌતમના 'ન્યાયસૂત્ર'ના સંકલન પછી ધીમે ધીમે તર્કનું જોર વધવા લાગ્યું અને જુદા જુદા દર્શનોના વિચારોનું સમર્થન કરવા માટે સ્વતંત્ર સિદ્ધાંતોની રચના થવા લાગી."

**સિદ્ધસેને** સૌથી પ્રથમ **'ન્યાયાવતાર'** નામા તર્કપ્રકરણની સંસ્કૃતમાં રચના કરીને જૈન પ્રમાણનો પાયો સ્થિર કર્યો. વિશેષમાં **'સન્મતિ'** પ્રકરણ નામા મહાતર્કગ્રંથને પ્રાકૃતમાં આર્યછંદમાં રચી 'નયવાદ'નું મૂળ દૃઢ કરી **'અનેકાન્તવાદ'**નું સ્થાપન કર્યું, એ ત્રણ કાંડમાં વિભક્ત છે. પહેલા કાંડમાં માત્ર 'નય' (દૃષ્ટિબિંદુ) સંબંધી ખૂબ વિશદ ચર્ચા કરીને 'નયવાદ' (Philosohhy of Slandpoints)નું નિરૂપણ કર્યું છે, બીજા કાંડમાં માત્ર જ્ઞાનની–ખાસ કરી પાંચ જ્ઞાનને લગતી ચર્ચા છે. અને ત્રીજા કાંડમાં જ્ઞેય તત્ત્વનું નિરૂપણ છે. કોઇ પણ વસ્તુ જ્ઞેયરૂપે કેવી માનવી જોઇએ, અને જૈન દૃષ્ટિ પ્રમાણે જ્ઞેય સ્વરૂપ કેવું હોવું જોઇએ એની સામાન્ય ચર્ચા સાથે પદે પદે અનેકાન્તવાદ (Relative Philosophy) સ્થાપન કરવાનો, તેને સમજાવવાનો, તેની બારીકીઓ વર્ણવવાનો પ્રયત્ન છે. સાથેસાથે અનેકાન્તવાદમાં ઉપસ્થિત થતા દોષો બતાવવાનો તેમજ અનેકાન્તવાદ ઉપર થતા આક્ષેપોને દૂર કરવાનો બુદ્ધિગમ્ય અને પ્રબળ પ્રયત્ન છે; **તેથી છેવટે** ગ્રંથના અંતમાં **અનેકાન્તવાદ**નું ભદ્ર થાઓ એવી શુભ ઇચ્છા દર્શાવી છે.

સિદ્ધસેનસૂરિ પ્રત્યેનો આદર દિગંબર વિદ્વાનોમાં રહેલો દેખાય છે. **હરિવંશ** પુરાણના કર્ત્તા **જિનસેનસુરિ**એ, તત્વાર્થટીકા નામે રાજવાર્તિકના કર્ત્તા **અકલંકદેવે**, સિદ્ધિવિનિશ્ચયના ટીકાંકાર **અનંતવીર્યે**, ભગવતી આરાધનાના રચનાર **શિવકોટિ**એ, પાર્શ્વનાથ ચરિતના કર્ત્તા **વાદિરાજસૂરિ**એ, એકાંતમંડનના કર્ત્તા **લક્ષ્મીભદ્ર**, આદિ દિગંબર વિદ્વાનોએ **સિદ્ધસેનસૂરિ** સંબંધી અને તેમના **સન્મતિતર્ક** ગ્રથ સંબંધી ભક્તિભાવથી ઉલ્લેખ કર્યો છે. શ્વેતામ્બરાચાર્યોમાં **શ્રી હરિભદ્રસૂરિ**એ **સિદ્ધસેન**ને 'શ્રુતકેવલી'-ની કોટિમાં મૂકયા છે. **સિદ્ધસેન બીજા**એ ન્યાયાવતાર પર, અને તર્કપંચાનન **અભયદેવસૂરિ**એ **સન્મતિતર્ક** પર ટીકા રચીને, **સિદ્ધસેનસૂરિ** જૈન તર્કશાસ્ત્ર વિષયે સૂત્રધાર હતા તેનું સગૌરવ સમર્થન કર્યું છે. પ્રચંડ તાર્કિક **વાદિદેવસૂરિ**એ તેમને પોતાના માર્ગદર્શક જણાવ્યા છે. પ્રસિદ્ધ આચાર્ય **હેમચંદ્રસૂરિ**એ તેમની કૃતિઓ સામે પોતાની વિદ્વન્મનોરંજક કૃતિઓને પણ 'અશિક્ષિત મનુષ્યના આલાપવાળી' જણાવી છે અને **સિદ્ધહૈમશબ્દાનુશાસન**માં ઉદાહરણ પ્રસંગે 'अनुसिद्धसेनंकवय:' એ પ્રયોગવડે **સિદ્ધસેન**ને સર્વોત્કૃષ્ટ કવિ તરીકે સ્વીકારેલ છે. છેવટમાં **યશોવિજયજી ઉપાધ્યાયે** સન્મતિતર્કનો ઉલ્લાસપૂર્વક છૂટથી ઉપયોગ કર્યો છે.

તેઓશ્રીનો જન્મ વિક્રમનૃપની નગરી અવન્તિમાં કાત્યાયનગોત્રીય દેવર્ષિ નામના દ્વિજને ત્યાં, દેવશ્રી (દેવસિકા) નામા પત્નીની કુક્ષિએ થયો હતો. તેઓ બુદ્ધિમાન હોવાથી બાલ્યવસ્થામાંથી જ દીપી ઉઠયા હતા અને યૌવનના આંગણે આવતાં સર્વશાસ્ત્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિષ્ણાત થયા હતા તેમજ વાદ કરવામાં ઘણી કુશળતા ધરાવતા હોવાથી તે સમયના સમર્થ વાદીઓમાં તેમની ગણના થતી હતી. એક વેળાએ **પાદલિપ્તસૂરિસંતાનીય સ્કંદિલાચાર્ય**ના શિષ્ય મુકુંદ આચાર્ય ઉર્ફે **વૃદ્ધવાદી** સાથે વાદ કરવા તેઓ ભરૂચ પધાર્યા. મધ્યસ્થની વરણી કરવામાં ઉતાવળા થયા. પરાજય પામ્યા અને પ્રતિજ્ઞા કરેલી હોવાથી **વૃદ્ધવાદી**ના શિષ્ય બન્યા. જો કે **વૃદ્ધવાદીજી**એ તો શહેરની રાજસભામાં જઇ પુનઃ વાદ કરવાની ઇચ્છા દર્શાવેલી પણ **સિદ્ધસેને** કહ્યું કે આપ સમયના જાણ હોઇ, મધ્યસ્થને સમજાય તેવી રીતે ચર્ચાનો આરંભ કર્યો અને મેં લાંબી નજર દોડાવ્યા વગર 'અંધા આગળ આરસી' ધરવા જેવું પ્રવચન કર્યું. હવે તો આપ જ મારા ગુરુ છો. દીક્ષાકાળે નામ તો '**કુમુદચંદ્ર**' રાખવામાં આવેલું પણ વિશેષ પ્રસિદ્ધિ તો **સિદ્ધસેન દિવાકરજી** તરીકે થઇ.

વિશેષમાં શ્વેતાંબર સાહિત્યમાં સંસ્કૃત ભાષાના પદ્યાત્મક પ્રૌઢ ગ્રંથોના પ્રથમ પ્રણેતા **સિદ્ધસેન** છે. તેમની પહેલા સંસ્કૃત ભાષાનો વિશેષ અભ્યાસ કે આદર નહોતો, ત્યાં સુધી તો જૈન શ્રમણોમાં પ્રાકૃત ભાષાનું પ્રભુત્વ હતું. શ્રમણોના અભ્યાસના વિષયો પણ ઘણા નહોતા. આગમ સાહિત્યનાં મૂળસૂત્રોને કંઠસ્થ કરાતાં-વંચાતાં. તે સિવાય સંસ્કૃતમાં રહેલાં વ્યાકરણ, કાવ્ય, કોષાદિનો અભ્યાસ વિશેષ કરીને નહિ હોય.

આવા મહાન્ મહાત્માના જીવન-કવન પ્રતિ નેત્રો લંબાવી જ્યાં પ્રાંતભાગે દ્રષ્ટિ કરું છું ત્યાં એકાએક આશ્ચર્ય પામું છું.

ત્રણ ચિત્રોમાં આલેખાયેલી આ મહાન્ સંતની જુદી જુદી કાર્યવાહી સહજ વિચારમગ્ન બનાવે છે. એમાં ગુરુ પ્રત્યેના બહુમાનના જેમ દર્શન થાય છે તેમ તેમની ભૂલ જોતાં એ સરલ ભાવે સ્વીકાર કરતાં રજમાત્ર વિલંબ નથી થતો. દલીલબાજીનું એકાદું ચિન્હ સરખું પણ જોવા મળતું નથી.

૧. અરે વૃદ્ધ! સુખાસન ઉપકતાં શું આજે તારા ખભાને વિશેષ ભાર લાગે છે? સંસ્કૃતગિરાના મહાપંડિતના મુખમાંથી ગીર્વાણ ભાષામાં ઉચ્ચરાયેલા શ્લોકનો–खंधो अयं तव बाधति ? સુણતાં જ પેલો વૃદ્ધ બોલી ઉઠયો–न बाधते तथा खंधो, बाधति बाधते यथा અર્થાત્ તમારો 'બાધતિ' પ્રયોગ સાંભળી જે દુઃખ લાગ્યું છે એટલું ખાંધ પરના ભારથી નથી લાગ્યું. વૃદ્ધના આ શબ્દો શ્રવણ કરતાં જ સુખાસન ઊભું રખાવી, સિદ્ધસેન એમાંથી ઉતરી જાય છે અને પેલા વૃદ્ધના પગમાં પડી પોતાની સ્ખલના માટે ક્ષમા ચાહે છે. વિનમ્રપણે ઉચ્ચારે છે અહો ગુરુદેવ! આપને મારા પાલખીવાહક બનવાની શી જરૂર પડી? બાકી આપનો જવાબ કાને પડતાં જ હું સમજી ગયો કે મારા ગુરુમહારાજ વૃદ્ધવાદી જ આપ છો.

વત્સ, શ્રમણધર્મના આચારને ન શોભે એવી રીતે તારા સરખો મહાન્ વિદ્વાન, મારો પટ્ટધર કે જેનામાં શાસનપ્રભાવના કરવાની અજોડ શક્તિ છે, તે આ રીતે રાજમાન્ય બની પ્રમાદ સેવે તો એ વેળા મારી ફરજ ઇશારો કરવાની ખરીને? એ મેં બજાવી.

ધન્ય એ ગુરુ અને ધન્ય એ શિષ્ય એમ ચિંતવી જ્યાં બીજા ચિત્રમાં નજર નાંખું છું ત્યાં વધુ વિનમ્રતાના દર્શન થયા.

૨. સંઘધુરિણો! આગમ ગ્રંથો જે પ્રાકૃત ભાષામાં છે તે આપની અનુમતિ હોય તો હું તેમનું સંસ્કૃત ભાષામાં પરિવર્તન કરી નાખવા ઇચ્છું છું.

મહારાજ! આ અકર્તવ્ય વિચારને આપના હૃદયમાં સ્થાન આપી આપે તીર્થંકર, ગણધર અને જિનપ્રવચનની મોટી 'આશાતના' કરી છે. આવા ઉદ્ગાર કાઢવા માટે જૈન શાસ્ત્રાનુસાર આપ 'સંઘબાહ્ય'ના મોટા દંડની શિક્ષાના અધિકારી થયા છો.

આ શબ્દો શ્રવણ કરતાં આચાર્યશ્રીને ખેદ થયો, સરળતાથી પ્રાયશ્ચિત સ્વીકારવાની તમન્ના દાખવી. સંઘે 'પારાંચિત' નામા પ્રાયશ્ચિત આપ્યું.

વિદ્વત્તાના શિખરે વિરાજેલા સંતમાં આટલી હદની નમ્રતા જોઇ ખરે જ આશ્ચર્ય થાય છે. ઘડીભર એ પ્રસંગનું વર્તમાન તીથિચર્ચાના પ્રશ્ન જોડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મીઠાં વચનો સહુને ગમે છે

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः।
तस्मात्तदेव वक्तव्यं वचने किं दरिद्रता ?॥

આપણે બોલવું તો પડે છે જ. બોલ્યાવગર ચાલે તેમ નથી. જે બોલી શકતા નથી તેઓને ઘણું દુઃખ થાય છે. મુંઝવણ થાય છે. પોતાના વિચારો બીજાઓને તેઓ સહેલાઈથી જણાવી શકતા નહીં હોવાથી તેઓ આંતરિક વેદના અનુભવે છે. પણ જેઓ બોલી શકે છે તેઓને તેની સાચી કલ્પના હોતી નથી. બોલતા આવડે છે તેથી ઘણા લોકો ઘણું બોલી નાખે છે. પણ તેના પરિણામોનો વિચાર સરખો પણ કરતા નથી. અને એમ ઘણું બોલી જવાથી નહીં બોલવાયોગ્ય બોલી જવાય છે. અને તેનાં કડવા ફળો ઉત્પન્ન થાય છે. ઘણાના મનો દુભાય છે. તેઓ દુઃખી થાય છે. અને બોલનારની સામે તિરસ્કાર અને દ્વેષ ધારણ કરે છે. વાસ્તવિક રીતે આપણા બોલવાથી આપણું કામ થવું જોઈએ. અને સાંભળનારને સમાધાન થવું જોઈએ. તેમજ તેને કોઈ ઉચિત માર્ગદર્શન થવું જોઈએ. ઘણા લોકોને એવી ટેવ હોય છે કે, કોઈની સાથે બોલવું હોય ત્યારે કડવા વાક્યો જ બોલવા અને વગર કારણે બીજાનો રોષ વહોરી લેવો. વાસ્તવિક રીતે જોતાં આમ કરવામાં કોઈ જાતનું યોગ્ય કારણ હોતું નથી.

શીર્ષકમાં આપેલ સુભાષિતમાં એમ જણાવવામાં આવેલ છે કે, જગતમાં બધા જ જીવમાત્રને મીઠી વાણી ગમે છે. કોઈને કડવા વચનો ગમતા નથી. ત્યારે તેમ કરવામાં અડચણ શું છે? મીઠી વાણી પશુ પંખીઓને પણ ગમી જાય છે અને તેઓ મીઠી વાણીથી વશ પણ થઈ જાય છે, એ પ્રત્યક્ષ અનુભવ છે. પશુઓને આપણા ઉચરેલા શબ્દોનો અર્થ નહીં સમજાતો હોય પણ તેનો ભાવાર્થ જરૂર સમજે છે. અને તેથી જ તેઓ મીઠી બોલી સાંભળીને રાજી થાય છે. અને આપણી આજ્ઞા સ્વીકારવા લલચાય છે. દેવતાઓ પણ અમુક મંત્રોચ્ચારથી આકર્ષાય છે. અને આપણું કાર્ય કરી આપે છે. ત્યારે આપણે મીઠા વચન બોલવાની ટેવ શા માટે ન પાડવી?

---

તુલના કરવાનું મન થાય છે. અનેકાન્તના ઉપાસકો માન્યતાને ખરી ઠરાવવા એકાન્ત દૃષ્ટિનું સેવન કરી, શાસનની જે શોભા (!) વધારી રહ્યા છે તે ગ્લાનિ ઉપજાવે છે.

૩. તરંગમાળા આગળ વધે ત્યાં તો એ મહાત્માને ત્રીજા ચિત્રમાં અવંતીનરેશ વિક્રમાદિત્ય સામે અડગપણે અને અવધૂત દશામાં વાત કરતાં જોયાં.

હે અવધૂત! આ મહાકાલેશ્વર જેવા મહાદેવનું આ રીતે બેસી અપમાન કરવું તમને શોભતું નથી. શિવજી મહારાજ પ્રકોપશે તો કામદેવની માફક તમને બાળીને ભસ્મ કરી દેશે.

રાજન્! હું કોઈપણ દેવનું અપમાન કરતો નથી. દેવની તો સ્તવના કરાય એ હું જાણું છું. પણ સામે દેખાતા આ દેવ (શીવલિંગ) મારી સ્તુતિ શ્રવણ કરવાને શક્તિમાન નથી.

અવધૂત, તમો સુખેથી સ્તુતિ કરો. હું જોઉં છું કે કેમ એ સાંભળતા નથી. જ્યાં સ્તુતિના શ્લોકો મનોરમ વાણીમાં અવધૂતના મુખમાંથી પ્રગટ થવા માંડ્યા કે લિંગમાંથી ધૂમાડો નીકળવો શરૂ થયો અને દશનો આંક વટાવી શ્લોક આગળ ઉચ્ચરાયા કે એ ફાટ્યું અને એમાંથી પ્રભાવિક **શ્રી પાર્શ્વનાથ** બિંબ પ્રગટ થયું. અવધૂતે પ્રણામ કરી સ્તવના પૂર્ણ કરી.

આ છે **શ્રી અવંતીપાર્શ્વનાથના** તીર્થઉદ્ધારનો પ્રસંગ. સ્તવના એટલે **'કલ્યાણમંદિર'** નામા સ્તોત્રની રચના અને અવધૂત એ આપણા કથાનાયક **શ્રી સિદ્ધસેન દિવાકરજી** પોતે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીઠી મધુરી વાણી બોલતા જીભને કાંઇ વધુ કષ્ટ પડે છે એમ પણ નથી. મીઠું બોલવામાં કાંઇ દ્રવ્ય ખરચવું પડે છે એમ પણ નથી. ખરૂં જોતાં તો જગતને જીતવાનો મીઠું બોલવું એ એક મંત્ર છે. જગતમાં લોકપ્રિય થવાનું એ એક અમોઘ સાધન છે, માટે જ સુભાષિતકાર કહે છે કે, મીઠું બોલવામાં દરિદ્રીપણું કે કંજુસાઇ બતાવવાની શી જરૂર છે?

વેપાર રોજગારમાં દ્રવ્ય કમાવવાનું હોય છે. અને એમાં પ્રત્યક્ષ સ્વાર્થ સમાએલો છે, એમાં પણ મીઠું બોલવાથી જ ગ્રાહકનું મનરંજન કરવું પડે છે. અને તેમાં મીઠી વાણી બોલવામાં આવે તો જ આપણો સ્વાર્થ સધાય એમ છે, ત્યારે મધુર અને લોકોને વહાલું લાગે એમ બોલવું જ પડે છે. ત્યારે દરેક પ્રસંગે હસતું મુખ રાખી મીઠું જ બોલવાની ટેવ આપણે પાડીએ તો કેવું સારું?

શાસ્ત્રકારોએ વાણી ઉપર સંયમ મૂકવાનું કહેલું છે. એનું રહસ્ય ઓળખવું જોઇએ. જ્યારે આપણે મીઠું જ બોલવું છે ત્યારે સાથે સાથે તે વચન સત્ય અને તથ્ય પણ હોવું જ જોઇએ, એ ન ભૂલવું જોઇએ. લોકોને વહાલું લાગે માટે ગમે તેવું અસત્ય જુઠાણું એમની આગળ બોલી દેવું એ પણ અયુક્તજ છે. તદ્દન જૂઠું બોલવું એ તો પ્રત્યક્ષ મહાપાપ છે, માટે આપણે મીઠું બોલવું અને સાથે સાથે સત્ય પણ બોલવું જ જોઇએ.

સત્ય બોલવું એમ કહ્યું, તેથી એમ સમજવાનું નથી કે ગમે તે પ્રસંગે અગર ગમે તે વ્યક્તિની આગળ જેવું હોય તેવું સાચું જ બોલી દેવું. સત્ય બોલવું જો કે યુક્ત છે, છતાં તે બોલવાથી જો કાંઇ અજુગતું થવાનો સંભવ હોય તો તેવો પ્રસંગ ટાળવો જોઇએ. ધારો કે, કોઇ મનુષ્યનો પુત્ર મૃત્યુ પામ્યો હોય, અને આપણને તેની ખબર પહેલાં મળી ગએલી હોય, ત્યારે જે માણસને તે ખબર પહોંચાડવી હોય તે કેવી સ્થિતિમાં છે એનો વિચાર કરવો જોઇએ. તે ભોજન કરતો હોય અને આપણે એ ખબર સંભળાવી દઇએ તો એનું પરિણામ ખરાબ આવે એ દેખીતું જ છે. કોઇને એકદમ આઘાત ઉપજે એવું બોલી દેવું એ સત્ય છતાં ઉચિતપણાનો ભંગ કરનારું છે એ ધ્યાનમાં રાખવું જોઇએ. તેમજ કોઇની ગુહ્ય વાત હોય અને એ ઉઘાડી થતા તેનું માન ઘવાતું હોય અને એના ઉપર સંકટ આવવાનો સંભવ હોય તો એ સાચું છતાં અયોગ્ય જ બોલવા જેવું છે. આપણા સત્ય બોલવાથી કોઇનો પ્રાણઘાત થશે એવો સંભવ જણાતો હોય ત્યાં બોલવા કરતા મૌન ધારણ કરવું એ ઉચિત છે.

ઉપરના વિવેચન ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે, આપણે બોલવું તે સત્ય છતાં મિષ્ટ હોવું જોઇએ. અને સાથે પ્રસંગને અનુસરીને બોલેલું હોવું જોઇએ. બોલવું એ પણ એક જાતની કલા હોય છે. કેટલાએક લોકો એવું બોલે છે કે, સાંભળનારા બધા રાજી થઇ જાય અને બોલનારની વાહવાહ પોકારે. ત્યારે કેટલાએકના બોલવાથી કલહ અને કંકાશ જ પેદા થાય. આપણે એમાંથી કયો માર્ગ સ્વીકારવો એનો વિચાર કરવાનો છે. અમથો બકવાદ કરવાથી તો ઘણાને તિરસ્કાર છૂટે છે, માટે આપણને વધારે આકર્ષક અને રંજક બોલતા નહીં આવડતું હોય તો આપણા માટે મૌન ધારણ કરવું એ સહુથી ઉચિત માર્ગ લેખી શકાય. કારણ કલા બધાઓને જ સાધ્ય બને છે એવો નિયમ નથી.

મીઠું બોલનારનો બીજો પણ એક વર્ગ હોય છે. તેઓ ફક્ત પોતાનો સ્વાર્થ સાધવા માટે મીઠું બોલે છે. તેઓ સાંભળનારના ખૂબ વખાણ કરે છે. તેને ચડાવે છે. અને એમ કરતાં પોતાના સ્વાર્થની વાત એવી તો ખૂબીથી એની આગળ મૂકે છે કે, જેથી સામો માણસ સરળતાથી પોતાની ગુહ્ય વાત જે કોઇ આગળ નહીં કહેવા જેવી હોય તે પણ કહી દે છે. આમ કરી એ મિષ્ટભાષી પોતાનો સ્વાર્થ સાધી જાય છે. એવા માણસની એ મીઠી બોલી એટલે તલવારની ધાર ઉપર મધ ચોપડેલી જેવી હોય છે. સ્વાદમાં તો મીઠી લાગે પણ અંતે એ જીભ કાપી નાખનારી નિવડે છે. એ ધ્યાનમાં રાખવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કુમારપાળના જીવનવૃત્તાન્ત સંબંધી સાહિત્ય

લેખક : પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ.

ચૌલુક્યનરેશ પરમાર્હત રાજર્ષિ કુમારપાળનો જન્મ વિ. સં. ૧૧૪૯માં થયો હતો. એમણે 'કલિકાલ-સર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિ દ્વારા પ્રતિબોધ પામી વિ. સં. ૧૨૧૬માં માગશર શુદ બીજને દિવસે જૈન ધર્મ પ્રકટપણે અંગીકાર કર્યો હતો.[1] એમને વિ. સં. ૧૧૯૯માં માગશર શુદ ચોથને દિવસે રાજ્ય મળ્યું હતું.[2] એમનો વિ. સં. ૧૨૩૦માં સ્વર્ગવાસ થયો હતો.

આ ભૂપાલનું જીવન તે સમયની ગુજરાતની સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય પરિસ્થિતિ ઉપર મહત્ત્વનો પ્રકાશ પાડે છે. સાથે સાથે ભારતવર્ષના ઇતિહાસ માટે પણ એ સબળ સામગ્રી પૂરી પાડે છે. એમનું જીવન એક મહાકાવ્યનો મનોરમ વિષય બની શકે તેમ છે. એમણે જીવનની લીલીસૂકી જોઇ છે—અનુભવી છે. એમને 'ધીરોદાત્ત નાયક' તરીકે જિનવિજયજીએ નિર્દેશ્યા છે.[3] અને એમનું જીવનવૃત્તાન્ત અનેક જૈન ગ્રંથકારોએ આલેખ્યું છે. એમાંની કેટલીક રચના સંસ્કૃતમાં, કેટલીક પાઇયમાં તો કેટલીક પ્રાદેશિક ભાષામાં ગૂંથાયેલી મળે છે. આમ આ નરેશને અંગે જે વિસ્તૃત સાહિત્ય મળે છે તેની આછી રૂપરેખા હું અહીં રજૂ કરું છું અને પ્રકાશન માટે યોગ્ય પ્રબંધ થશે તો વિવિધ વિગતોના પ્રમાણ-પૂર્વકના ઉલ્લેખ સહિત એમનું સમગ્ર જીવનવૃત્તાન્ત મારી માતૃભાષામાં (ગુજરાતીમાં) તૈયાર કરવાની અભિલાષા વ્યક્ત કરું છું.

કુમારપાલના જીવનવૃત્તાન્તની સામગ્રી આપણને બે પ્રકારે મળે છે. (૧) સ્વતંત્ર કૃતિરૂપે અને (૨) પ્રાસંગિક વકતવ્યરૂપે. આ બંને પ્રકારની સામગ્રી અનુક્રમે હું ભાષાદીઠ અહીં નોંધું છું[1]:—

### (૧) સ્વતંત્ર કૃતિઓ

#### (અ) સંસ્કૃત (૧૨)

(૧) **કુમારપાળદેવચરિત** આ અજ્ઞાત પુરાતન સંક્ષિપ્તકૃતિ છે. એમાં ૨૨૧ પદ્યો છે. એ દ્વારા કુમારપાળને રાજ્ય મળ્યું તે પહેલાંની વિગતો વ્યવસ્થિત

૧ જુઓ **મોહપરાજય.**

૨ જુઓ **કુમારપાળચરિત્ર સંગ્રહનુ** "પ્રસ્તાવનાદિ વક્તવ્ય" (પૃ. ૧૬)

૩ એજન. પૃ. ૧૯ (રાજર્ષિ કુમારપાલ)

૧ આ બાબત મેં **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ**(ખંડ ૨, ઉપખંડ ૧)માં વિચારી છે. આ ખંડ અત્યારે તો અપ્રકાશિત છે.

એવું કપટયુકત મીઠું બોલનારા તો ખોટું બોલનારા કરતાં પણ દુષ્ટપણામાં ચઢી જાય તેવા હોય છે. આપણી સાથે વાસ્તવિક કરતા વધારે મીઠું બોલનારો હોય અને આપણી સ્તુતિ જ કરતો હોય ત્યારે આપણે નક્કી સમજી લેવાનું છે કે, એ માણસ જે બોલે છે તેમાં એનો નીચ સ્વાર્થ જ રહેલો છે. એવા મીઠું બોલનારથી તો આપણે દૂર રહેવું જ ઉચિત છે.

એ ઉપરથી આપણે પણ મીઠું બોલતા શીખવું તો ખરૂં.-પણ તેની પાછળ નીચ સ્વાર્થનો આશય હોવો ન જોઇએ. એમ હોય તો જ આપણું મીષ્ટ બોલવું ગ્રેગ્ય ગણાય.

ત્યારે આપણી વાણી મીઠી, સાચી, સમયોચિત કોઇને પણ નહીં દુભવનારી અને કપટ રહિત હોવી જોઇએ, એ સિદ્ધ થાય છે. સમાજમાં આપણે લોકપ્રિય થવું હોય, લોકોમાં આપણા શબ્દને કાંઈ મહત્વ અપાવવું હોય, આપણો દરજ્જો વધારવો હોય, આપણા આત્માનું કંઈક ઊંચું સ્થાન પ્રાપ્ત કરી લેવું હોય તો આપણા વર્તનમાં સુમેળ સાધવો પડશે. અને બોલવા જેવું જ આપણું આચરણ પણ ઉચિત રાખવું પડશે, એ સ્પષ્ટ છે. આ બધું સાધવા માટે આપણા આત્માને સતત જાગૃત અને સાવચેત રાખવો પડશે. ત્યારે જ આપણે વચનની શુદ્ધતા સાધી શકીશું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપે રજૂ કરાઇ છે. છેલ્લાં પાંચ પદ્યો સૂત્રરૂપે રાજ્ય-પ્રાપ્તિ બાદની બીનાઓ વર્ણવે છે. આ કૃતિની એક હાથપોથી વિ. સં. ૧૩૮૫માં લખાયેલી મળે છે. જિનવિજયજીના મતે આ કૃતિ કુમારપાલના અવસાન બાદ બહુ ઓછા સમયમાં રચાઇ છે.[૧]

(૨) **કુમારપાલ દેવચરિત્ર** આ ૭૪૦ પદ્યોની કૃતિ **સો**મતિલકસૂરિએ વિ. સં. ૧૪૦૦ના અરસામાં રચી છે. એમાં પ્રારંભમાં ૨૦૦ પદ્યો કુમારપાલને રાજ્ય પ્રાપ્ત થયું તે પૂર્વેની હકીકત પૂરી પાડે છે અને એ લખાણ ઉપર્યુક્ત કૃતિને આધારે-પ્રાયઃ એના જ શબ્દોમાં યોજાયું છે.

આ કૃતિના પ્રારંભના અને અંતના ઉલ્લેખ જોતાં એ કોઇ અન્ય ગ્રંથનો ભાગ હોય એમ લાગે છે.[૨] જો આ અનુમાન સાચું જ હોય તો આ સ્વતંત્ર કૃતિ ન જ ગણાય.

(૩) **કુમારપાલચરિત્ર**—આ. જયસિંહસૂરિએ દસ સર્ગમાં વિ.સં. ૧૪૨૨ માં રચ્યું છે.

(૪) **કુમારપાલપ્રતિબોધચરિત**—આ સોમ-તિલકસૂરિએ વિ. સં. ૧૪૨૪ માં રચ્યું છે.[૩]

સોમતિલકસૂરિકૃત **કુમારપાલદેવચરિત**માં કુમારપાલપ્રતિબોધ જોવાની ભલામણ કરી છે તે આ જ હશે.

(૫) **કુમારપાલ પ્રબોધપ્રબન્ધ**-આ ગદ્યપદ્યાત્મક રચનાની એક હાથપોથી વિ.સં.૧૪૬૪માં લખાયેલી છે.

(૬) **કુમારપાલચરિત્ર**—આ **ચારિત્રસુન્દર**-ગણિની વિ. સં. ૧૪૮૭ની રચના છે.

(૭) **કુમારપાલપ્રબન્ધ**—આ જિનમંડનગણિ-એ વિ. સં. ૧૪૯૨ માં રચ્યો છે. એનો કેટલોક ભાગ ગદ્યમાં તો કેટલોક પદ્યમાં છે. આ કૃતિ ઉપર્યુક્ત[૪] **કુમારપાલપ્રબોધપ્રબન્ધ**ને આધારે યોજાઇ હોવાનું જિનવિજયજીએ સૂચવ્યું છે.[૫]

આ કુમારપાલપ્રબન્ધનું મગનલાલ ચુનીલાલ વૈદ્યે ગુજરાતીમાં કરેલું ભાષાંતર ગાયકવાડ સરકાર તરફથી છપાવાયું છે. આ પ્રબન્ધનો હિન્દી સાર લલિતવિજયજીએ **કુમારપાલચરિત**ના નામથી તૈયાર કર્યો હતો અને એ છપાવાયો છે.

(૮) **કુમારપાલચરિત્ર**—આ ગદ્યપદ્યાત્મક ચરિત્ર ધનરત્ને વિ. સં. ૧૫૩૭ માં રચ્યું છે.

(૯) **કુમારપાલચરિત્ર**—આ **સો**મવિમલની રચના છે. જુઓ "પત્તનસ્થ ભાંડાગારીયગ્રન્થસૂચી" (ખંડ ૧, પ્રસ્તાવના પૃ. ૪૪).

(૧૦) **કુમારપાલચરિત્ર**—આ ૬૩૦૦ શ્લોક જેવડું પદ્યાત્મક ચરિત્ર **સો**મચન્દ્રગણિએ રચ્યું છે.

(૧૧) **કુમારપાલચરિત્ર**—આ અજ્ઞાતકર્તૃક છે.

(૧૨) **કુમારપાળપ્રબન્ધ**—આના કર્તાનું નામ જાણવામાં નથી.

(આ) પાઇય (૩)

(૧૩) **કુમારપાલપડિબોહ**—આ શતાર્થી **સો**મપ્રભસૂરિએ લગભગ ૯૦૦૦ શ્લોકમાં મુખ્યતયા જઇણમરહટ્ઠીમાં વિ. સં. ૧૨૪૧ માં રચ્યો છે. આનું વાસ્તવિક નામ **જિણધમ્મપડિબોહ** છે અને એ 'કલિકાલસર્વજ્ઞ' **હે**મચન્દ્રસૂરિએ જે કથાઓ દ્વારા કુમારપાલને પ્રતિબોધ પમાડ્યો તેના સંગ્રહરૂપ છે.

(૧૪) **મોહરાજપરાજય**—આ **અ**જયપાલના મંત્રી **યશઃપાલે** વિ. સં. ૧૧૭૩ થી ૧૧૭૬ ના ગાળામાં રચ્યો છે. આ પાંચ **અંક**નું રૂપકાત્મક નાટક છે. એનો કેટલોક ભાગ દ્વૈભાષિક નાટકોની જેમ સંસ્કૃતમાં છે.

૧ જુઓ કુ. ચ. સં.નું કિંચિત્ પ્રાસ્તાવિક (પૃ. ૨)

૨ એજન, પૃ. ૩

૩. જુઓ **જિનરત્નકોશ** (વિભાગ ૧, પૃ. ૯૩) શું આ ઉપર્યુક્ત દ્વિતીય કૃતિથી ભિન્ન છે?

૪ જુઓ કુ૦ચ૦સં૦નું કિંચિત્ પ્રાસ્તાવિક (પૃ. ૫).

૫ આનું ચોથું પદ્ય નીચે મુજબ છેઃ—

"अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૫) **કુમારપાલચરિય**—આ ૯૫૦ શ્લોક જેવડી કૃતિ પૃથ્વીચન્દ્રના શિષ્ય હરિશ્ચન્દ્રે રચી છે. એ મુદ્રિત થઈ હોય એમ જાણવામાં નથી.

### (ઈ) ગુજરાતી (૩)

(૧૬, ૧૭) **કુમારપાલરાસ**—કવિ ઋષભદાસે આ નામની બે કૃતિ રચી છે: (૧) મોટી અને (૨) નાની. મોટી કૃતિ એમણે જિનમંડનગણિકૃત **કુમારપાલપ્રબન્ધ**ને આધારે વિ. સં. ૧૬૭૦ માં રચી છે. નાની કૃતિ ૨૧૯૨ ગાથા પૂરતી છે, જ્યારે મોટી ૪૫૦૬ ગાથા પૂરતી છે એમ "આનંદ કાવ્ય-મહોદધિ" (મૌક્તિક)માંના "કવિવર ઋષભદાસ"-(પૃ ૭૧)માં કહ્યું છે. અહીં નાની કૃતિનો રચનાસમય જણાવાયો નથી. મોટી કૃતિ તો આ૦ કા૦ મ૦ (મૌ૦ ૮) તરીકે પ્રકાશિત થઈ છે, પણ નાની કૃતિ કોઈ સ્થળેથી છપાવાઈ હોય તો તે જોવાજાણવામાં નથી.

(૧૮) **કુમારપાલરાસ**—આ 'ખરતર' ગચ્છના શાંતિહર્ષગણિના શિષ્ય જિનહર્ષે વિ. સં. ૧૭૪૨ માં રચ્યો છે અને એ મુદ્રિત છે,

## ( ૨ ) પ્રાસંગિક કૃતિઓ

### (અ) સંસ્કૃત (૧૧)

(૧૯) **દ્વયાશ્રય-મહાકાવ્ય** (અંતિમ પાંચ સર્ગ). એમાં કુમારપાલના રાજ્યાભિષેકથી વૃત્તાંત અપાયો છે.

(૨૦) **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** (પર્વ ૧૦, સર્ગ ૧૨, શ્લો. ૪૫-૯૬). આ દ્વારા કુમારપાલે જૈન બન્યા બાદ જે શુભ કાર્ય-આચરણ કર્યાં તેની વિગત છે. એ ભવિષ્યવાણી તરીકે આલેખાઈ છે.

(૨૧) **શત્રુંજયમાહાત્મ્ય**-આ ધનેશ્વરસૂરિની વિ. સં. ૪૭૭ની રચના હોવાનું મનાય છે, ગમે તેમ પણ એમાં કુમારપાલ વિષે કેટલુંક લખાણ છે.

(૨૨) **પ્રભાવકચરિત**—આ પદ્યાત્મક કૃતિ પ્રભાચન્દ્રસૂરિએ વિ. સં. ૧૩૩૪ માં રચી છે.

(૨૩) **પ્રબન્ધચિન્તામણિ**-આ ગદ્યાત્મક કૃતિ મેરુતુંગસૂરિએ વિ. સં. ૧૩૬૧ માં રચી છે.

(૨૪) **કલ્પપ્રદીપ યાને વિવિધતીર્થકલ્પ**—આ જિનપ્રભસૂરિએ વિ. સં. ૧૩૬૪ થી ૧૩૮૯ ના અરસામાં રચ્યો છે.

(૨૫) **ચતુર્વિંશતિપ્રબન્ધ યાને પ્રબન્ધકોશ**-આ રાજશેખરસૂરિની વિ. સં. ૧૪૦૫ની રચના છે.

(૨૬) **પુરાતનપ્રબન્ધસંગ્રહ**—આમાં વિવિધ પ્રબંધો છે. એ વિક્રમની સોળમી સદી કરતાં તો અર્વાચીન જણાતા નથી. આ પ્રબંધોમાંના ક્રમાંક ૨૪-૨૮ એ પાંચ પ્રબન્ધો કુમારપાલને અંગેના છે. વળી પૃ. ૪૫-૪૭માં કુમારપાલ સંબંધી કેટલુંક લખાણ છે.

(૨૭) **ઉપદેશતરંગિણી**—આ રત્નમંદિરની વિ. સં. ૧૫૧૯ પહેલાંની રચના છે.

(૨૮) **ઉપદેશપ્રાસાદ**—આ સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કૃતિ લક્ષ્મીવિજયસૂરિએ વિ. સં. ૧૮૪૩માં રચી છે.

### (આ) પાઇય (૧)

(૨૯) **કુમારપાલચરિય** (પ્રાકૃત દ્વયાશ્રય)-આ 'કલિ.' હેમચન્દ્રસૂરિએ પોતે રચેલા **સિદ્ધહેમચન્દ્ર**ના આઠમા અધ્યાયનાં સૂત્રો ઉપર પ્રકાશ પાડે છે અને સાથેસાથે કુમારપાલનું ચરિત્ર રજૂ કરે છે. આ મુખ્યતયા વ્યાકરણનો ગ્રંથ ગણાય તો એ પ્રાસંગિક કૃતિ ગણાય; નહિ તો એ સ્વતંત્ર કૃતિ ગણાય.

### (ઇ) રાજસ્થાની

રાજસ્થાની ભાષામાં કુમારપાલને અંગે રચનાઓ હોવાનું **કુ. ચ. સં.**ના કિંચિત્ પ્રાસ્તાવિક (પૃ. ૬)-માં કહ્યું છે, પરંતુ એ પૈકી કેટલી કૃતિ સ્વતંત્ર છે અને કેટલી નહિ ઇત્યાદિની ગવેષણા કરવાનું કાર્ય તો એ રચનાઓનો કંઈ નહિ તો નામોલ્લેખ પણ જાણવા મળે થઈ શકે એટલે એ સામગ્રીના અભાવમાં આ સંબંધમાં હું કંઈ કહેતો નથી. આ પુસ્તકોનું-સામગ્રીનું યથેષ્ટ પરિશીલન કરનારને ગુજરાતનો વિસ્તૃત ઇતિહાસ અને બૃહદ્ગુજરાતનો-ભારતના કેટલાએ ઇતર પ્રાંતોનો સંક્ષિપ્ત પરિચય મળી રહે તેમ છે. વિશેષમાં કુમારપાલને અંગે અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક

: ( ૧૭ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

**પ્ર૦ (૭૩)**—કેટલા ક્ષેત્રને આશ્રયીને રહેલ વસ્તુને બાળવાનું તેજોલેશ્યાનું સામર્થ્ય છે?

**ઉ૦**—શ્રી ભગવતીસૂત્રની ટીકામાં શ્રી ગૌતમસ્વામીના વર્ણનમાં અનેક યોજનપ્રમાણ ક્ષેત્રને આશ્રયીને રહેલ વસ્તુને બાળવાનું સામર્થ્ય કહેલ છે, એ પ્રમાણે પ્રવચનસારોદ્ધાર ટીકામાં પણ છે.

**શંકા**—વળી કોઈક સ્થળે તેજોલેશ્યાનું સામર્થ્ય ૧૬ દેશને બાળવાનું કહ્યું છે તે શું?

**સમાધાન**—તે પણ શ્રી ભગવતીસૂત્રના પંદરમા શતકને અનુસારે જાણવું—तत्पाठस्तु एवं–अज्जोत्ति- समणे भगवं महावीरे समणे णिग्गंथे आमंतेत्ता एवं वयासि जाव तिण्णं अज्जो गोसालेणं मंखलिपुत्तेणं ममवहाए सरीरंसि तेयं णिसट्ठे सेणं अलाहिपज्जं ते सोलसन्हं जणवयाणं तं–अंगाणं वंगाणं कलिंगाणं मगहाणं मलयाणं मालवगाणं अच्छाणं वच्छाणं कच्छाणं पाढाणं लाढाणं वज्जीणं मोलीणं कोसलगाणं आवाहाणं संभुत्तराणं घाताए वहाए उच्छादणयाए भासीकरणयाए त्ति" ભાવાર્થ—હે આર્ય! શ્રમણ ભગવાન્ મહાવીર શ્રમણનિર્ગ્રંથોને બોલાવીને આ પ્રમાણે કહે છે કે હે આર્ય, યાવત્ ગોશાલો મંખલીપુત્રે મારા વધ માટે શરીરમાં રહેલ તેજને કાઢેલ છે, તે તેજ સોળ દેશને બાળી શકે છે, તે દેશોના નામ–અંગ, બંગ, કલિંગ, મગધ, મલય, માલવ, અચ્છ, વચ્છ, કચ્છ, પાઢ, લાઢ, વજ્જી, મોલી, કોશલ, આવાહ, સંભૂત્તર તે તેજ આ સોળ દેશોના ઘાતને માટે, વધને માટે, નાશને માટે અને ભસ્મ કરવાને માટે હોય છે. ॥ ૭૩ ॥

**પ્ર૦ (૭૪)**—તેજોલેશ્યા અને શીતલેશ્યા શું કરે છે?

**ઉ૦**—सव्वस्स उण्हसिद्धं रसाइ आहारपागजणगं च ॥ तेयगलद्धिनिमित्तं च तेयगं होइ नायव्वं ॥१॥ ભાવાર્થ—સર્વ જીવોને ઉષ્ણતા-ગરમીથી સિદ્ધ રસાદિ આહારના પાકને ઉત્પન્ન કરનાર તૈજસ લબ્ધિના કારણભૂત તેજ હોય એમ જાણવું, આ પ્રમાણે જીવાભિગમની ટીકામાં છે.

**શંકા**—તેજોલેશ્યા તો તૈજસ શરીરમાંથી નીકલે

---

બાબતો જાણવા મળે તેમ છે. એમાંની કેટલીક હું અહીં નોંધું છું —

જન્મવર્ષ, વિદ્યાભ્યાસ, રાજ્યપ્રાપ્તિ થઈ તે પૂર્વેની હાડમારી અને રખડપટ્ટી, હેમચન્દ્રસૂરિ સાથેનો સમાગમ, રાજ્યની પ્રાપ્તિ. જૈન ધર્મનો સ્વીકાર, વિવિધ રાજાઓ સાથેનું યુદ્ધ, દિનચર્યા, વિદ્યાવ્યાસંગ, [1]સામાજિક સુધારણા, રાજકારભાર, ધર્મસહિષ્ણુતા, તીર્થોનો ઉદ્ધાર, જિનમંદિરાદિનું નિર્માણ, સંઘયાત્રા, કળાકૌશલ્યનો પ્રચાર, રાજ્યવિસ્તાર, અમારિઘોષણા, શ્રમણોપાસકતા, રાજનીતિ અને સ્વર્ગવાસ.

**ઋણસ્વીકાર**—પ્રસ્તુત લેખ લખવા માટે [2]**કુમારપાલ ચરિત્રસંગ્રહને** અંગેનું જિનવિજયજીનું લખાણ વાંચતાં પ્રેરણા થઈ એટલું જ નહિ પણ આ લેખ તૈયાર કરવા માટે એમાંથી વિપુલ સામગ્રી નજરે પડતાં એનો મેં અહીં ઉપયોગ કર્યો છે એટલું હું ઋણસ્વીકાર પરત્વે કહી આ લેખ પૂર્ણ કરું છું.

૧ નિર્વંશના ધનનો ત્યાગ, મદ્યપાનનો નિષેધ અને દ્યૂતની મનાઈ.

૨ આ પુસ્તકનું સંપાદન જિનવિજયજીએ કર્યું છે. અને એ "સિંધી જૈન ગ્રંથમાલા" માં ઇ. સ. ૧૯૫૬ માં પ્રકાશિત કરાયું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એ વાત પ્રસિદ્ધ છે, પરંતુ શીતલેશ્યા કયાંથી નીકળે છે?

**સમાધાન**-શીતલેશ્યા પણ તૈજસ શરીરમાંથી જ ઉત્પન્ન થાય છે. તત્ત્વાર્થસૂત્રની ટીકામાં કહ્યું છે કે-**यदा उत्तरगुणप्रत्यया लब्धिरुत्पन्ना भवति तदा परं प्रतिदाहाय विसृजति शेषविषाद्मातो गोसालादिवत् प्रसन्नस्तु शीततेजसा अनुगृह्णाति,** લોકપ્રકાશમાં પણ કહ્યું છે કે-**अस्मादेव भवत्येवं शीतलेश्याविनिर्गतिः ॥ स्यातां च रोषतोषाभ्यां निग्रहानुग्रहावितः ॥ १ ॥** ભાવાર્થ—જ્યારે ઉત્તરગુણ પ્રત્યયિક લબ્ધિ ઉત્પન્ન થાય ત્યારે બીજાને બાળવાને માટે ક્રોધથી ધમધમેલો તેજોલેશ્યાને કાઢે છે, ગોશાલાની માફક અને પ્રસન્ન હોય ત્યારે શીતલેશ્યાવડે બીજાને ઉપકાર કરે છે. લોકપ્રકાશમાં પણ આ તૈજસ શરીરથી જ શીતલેશ્યા નીકળે છે, અને રોષતોષ એટલે ક્રોધ અને પ્રસન્નતાથી નિગ્રહ અને ઉપકારને માટે થાય છે. ॥ ૭૪ ॥

**પ્ર૦ (૭૫)**—આહારકલબ્ધિને ધારણ કરનાર મુનિ અને વિદ્યાધરો તિર્યગ્ એટલે તીર્છા કેટલે દૂર સુધી જાય?

ઉ૦—આહારક શરીરી ઉત્કૃષ્ટ મહાવિદેહ ક્ષેત્ર સુધી જાય, વિદ્યાચારણ મુનિયો અને વિદ્યાધરો નંદીશ્વરદ્વીપ સુધી જાય છે, જંઘાચારણ મુનિયો રૂચકદ્વીપ સુધી જાય છે. સંગ્રહિણી ટીકામાં કહ્યું છે કે—**औदारिकस्य तिर्यग् उत्कृष्टो विषयो विद्याधरान् आश्रित्य आनंदीश्वरात्, जंघाचारणान् आश्रित्य प्रत्यारुचकपर्वतात् ऊर्ध्वं उभयान् प्रत्यापण्डुकवनात् । वैक्रियस्य असंख्येया द्वीपसमुद्राः, आहारकस्य महाविदेहः; तैजसकार्मणयोः सर्वलोक इत्यादि ।**

**ભાવાર્થ**:—ઔદારિક શરીરનો તીર્છો ઉત્કૃષ્ટ વિષય વિદ્યાધરોને આશ્રયીને નંદીશ્વર સુધી, જંઘાચાર મુનિયોને આશ્રયીને રૂચક દ્વીપ સુધી, અને ઊંચે તો બન્નેને આશ્રયીને પાંડુકવન સુધી, વૈક્રિય શરીરને આશ્રયીને તિર્છો વિષય અસંખ્યાતા દ્વીપ સમુદ્ર સુધી, આહારક શરીરને આશ્રયીને મહાવિદેહ ક્ષેત્ર સુધી, તૈજસ કાર્મણ શરીરને આશ્રયીને આખો લોક સમજવો.

**श्रीजिनलाभसूर्यादिसद्गुरूणामनुग्रहात् ॥**
**क्षमाकल्याणगणिना निर्मिते स्मृतिहेतवे ॥ १॥**
**प्रश्नोत्तरसार्धशते पूर्वार्धं परिपूर्णताम् ॥ गतं**
**स्यादत्र यः कश्चिद् दोषः शोध्यः स कोविदैः ॥२॥**

**અર્થ**:—શ્રી જિનલાભસૂરિઆદિ સદ્‌ગુરુના અનુગ્રહથી ક્ષમાકલ્યાણગણિએ સ્મૃતિને માટે બનાવેલ પ્રશ્નોત્તરસાર્ધશતક ગ્રંથમાં પૂર્વાર્ધ પૂર્ણતાને પામ્યું. આ ગ્રંથમાં જે કંઇ દોષ હોય તે વિદ્વજ્જનોએ કૃપા કરીને શોધવું.

## उत्तरार्ध

**પ્ર૦ (૭૬)**—**प्रणम्या परमानन्दसंपन्नं नाभिनन्दनं। संग्रहेऽथोत्तरार्धस्य यते सद्बोधवृद्धये ॥१॥** અર્થ—પરમાનંદસંપન્ન ઋષભદેવ પ્રભુને નમસ્કાર કરીને સદ્‌બોધની વૃદ્ધિ માટે ઉત્તરાર્ધના સંગ્રહ માટે પ્રયત્ન કરું છું. ॥ ૧ ॥ વર્તમાન કાલે જે શિષ્યાદિને દીક્ષાવિધિમાં ગુરુમહારાજ ભગવાનની પ્રતિમાને વિષે વાસક્ષેપ નાખે છે તે દ્રવ્યસ્તવ હોવાથી યોગ્ય કે અયોગ્ય?

ઉ૦-પ્રભુપ્રતિમા ઉપર વાસક્ષેપ નાખે તે યોગ્ય જ છે, દીક્ષાવિધિમાં ભગવાનની પ્રતિમા ઉપર વાસક્ષેપ નાખવો તે દ્રવ્યસ્તવ હોવા છતાં ભગવાને સાધુઓને વિધેયરૂપે આજ્ઞા કરી છે, સર્વથા નિષેધ કર્યો નથી. પંચવસ્તુમાં દીક્ષાવિધિમાં હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે, "**तत्तो य गरुवासे गिण्हिय लोगुत्तमाण पाएसु ॥ देइय तओ कमेणं सव्वेसिं साहुमाईणं ॥ १ ॥** **ભાવાર્થ**-ત્યાર પછી ગુરુમહારાજ વાસક્ષેપ લઇ પ્રભુના ચરણને વિષે નાખીને પછી અનુક્રમે સાધુ આદિ ઉપર નાખે, સ્વયં પોતે નિર્ગ્રંથ હોવાથી શ્રાવકનો લાવેલો જ વાસક્ષેપ નાખવો. ૭૬.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી દીપોત્સવી (દીવાળી) પર્વ

આસો વદી અમાસનું દિવાળી પર્વ આવે, ભારતની જૈન જનતા હૈયે હર્ષ પામે.
ધન-તેરસના દિવસે થાય લક્ષ્મી-પૂજન, દિવાળીના દિવસે લોકો કરે વહી-પૂજન.
આમાસની રાત્રે પ્રભુ પામ્યા પદ નિર્વાણ, પ્રભાતે ગુરુ ગૌતમ પામ્યા કેવળ-જ્ઞાન.
ઇંદ્રાદિ દેવો આવી પ્રગટ કરે દીપમાળ, ભક્તિ-પૂર્ણ હૃદયે ઉત્સવ ઉજવે ઉજમાળ.
સુણી પ્રભુ નિર્વાણ નંદીવર્ધન હૈયું ઉભરાય, બીજના દિને બેનડી જમવા તેડી જાય.
કારતક શુદી પંચમી 'જ્ઞાન-પંચમી' કહેવાય, જ્ઞાનતણો મહિમા વ્યાખ્યાનમાંહે સુણાય.
દિવાળીતણું પર્વ પુણ્યતણી ખાણી, 'હિરાચંદ'ની વાણી જાણે 'શબ્દ-ફૂલડાંની વેણી.

—શ્રી હીરાચંદ સ્વરૂપચંદ ઝવેરી

## पुस्तकोनी पहोंच

૧. **श्री कल्पलतावतारिका:**—રચયિતા શાસ્ત્રવિશારદ પીયૂષપાણિ આચાર્ય મહારાજશ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક-શ્રી જૈન સાહિત્યવર્ધક સભા-શિરપુર (ખાનદેશ). ક્રાઉન સોળપેજી પૃષ્ઠ આશરે ૩૨૫, પાકું બાઇન્ડીંગ, મૂલ્ય રૂ. પાંચ

શ્રી વૃદ્ધિ-નેમિ-અમૃત-ગ્રંથમાળાના ચોત્રીશમા મણકારૂપે આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આચાર્યપુરન્દર શ્રીમદ્ હરિભદ્રસૂરિ મહારાજે "શાસ્ત્રવાર્તાસમુચ્ચય" નામનો (૭૦૧ શ્લોકપ્રમાણ મૂળ) સ્વોપજ્ઞ ટીકાયુક્ત (૨૨૫૦ શ્લોકપ્રમાણ) ગ્રંથ રચ્યો હતો, તે ગ્રંથ પર મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે 'સ્યાદ્વાદકલ્પલતા' નામની પંદર હજાર શ્લોકપ્રમાણ વિશાળ ટીકા રચી હતી, પરંતુ તે ટીકા ગંભીરાર્થવાળી હોવાથી પ્રસ્તુત ગ્રંથને સમજવા માટે વધારે સરળતા થાય અને આ વિચારપૂર્ણ મહાગ્રંથનું અધ્યયન અને પઠન-પાઠન વધે તેવા હેતુથી વિદ્વાન આચાર્ય મહારાજશ્રીએ "કલ્પલતાવ-તારિકા" નામની પ્રસ્તુત ટીકા બનાવી છે, અને શૈલી સરલ, સુગમ અને રુચિકર હોવાથી સાધુ-સમાજમાં અને વિદ્વદ્વર્ગમાં તે વિશેષ આદરણીય બની છે.

એક રીતે કહીએ તો આ દાર્શનિક ગ્રંથ છે. ચાર્વાક, નૈયાયિક, સાંખ્ય, બૌદ્ધ, વેદાંત વિગેરે દર્શનોના સિદ્ધાંતોની સુંદર ચર્ચા-વિચારણા કરી તે-તે મતમાં ક્યાં ક્યાં ક્ષતિઓ છે, તે દર્શાવી જૈન દર્શન કેવું અકાટ્ય અને સર્વાંગસંપૂર્ણ છે તેનું ભાવવાહી રીતે યુક્તિગમ્ય નિરૂપણ કરવામાં આવ્યું છે.

ષટ્દર્શનના અભ્યાસ માટે આ પુસ્તક અવશ્ય ઉપયોગી છે. જિજ્ઞાસુઓએ અને દર્શનોના અભ્યા-સકોએ આ પુસ્તક અવશ્ય વસાવવા જેવું છે. અમારી સભામાંથી પણ મળી શકશે.

૨. **શ્રી ભગવતીસૂત્રનાં ધાર્મિક પ્રવચનો:**—પ્રવચનકાર-આચાર્યપ્રવરશ્રી વિજયધર્મસૂરિજી મહારાજ. પ્રકાશક-શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા-વડોદરા. ક્રાઉન આઠ પેજી, પૃષ્ઠ આશરે ૨૭૫, પાકું બાઇંડીંગ, મૂલ્ય રૂપિયા ત્રણ.

શ્રી મુક્તિકમળ જૈન મોહનમાળાના સત્તાવનમા પુષ્પ તરીકે પ્રસિદ્ધ થયેલા આ પુસ્તકમાં, વડો-દરાખાતેની સ્થિરતા દરમિયાન, પૂ. વિદ્વાન આચાર્ય મહારાજે પંચમાંગ શ્રી ભગવતીસૂત્ર પર આપેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

વ્યાખ્યાનો પૈકી પંદર પ્રવચનોનું જ અવતરણ આ પુસ્તકમાં આપવામાં આવ્યું છે. વિદ્વાન આચાર્યશ્રી દ્રવ્યાનુયોગના સારા જાણકાર તેમજ સુંદર વ્યાખ્યાતા હોવાથી આ પ્રવચનોમાં, તાત્ત્વિક ઉપદેશ, વસ્તુદર્શન ઉપરાંત પ્રાસંગિક કથાઓ આપી ગ્રંથને આદરણીય બનાવ્યો છે. આચાર્ય મહારાજશ્રીની વિદ્વત્તા સ્થળે સ્થળે જણાઇ આવે છે. ગ્રંથ વસાવવા યોગ્ય છે. આર્થિક સહાયક વડોદરાવાળા શ્રી રંગીલદાસ... કોઠારીનો આ પ્રયાસ પ્રશંસનીય છે. અમો ઇચ્છીએ છીએ કે બાકીના પ્રવચનોનો પણ બીજો ભાગ વહેલાસર મુદ્રિત કરીને જનતાના કરકમલમાં મૂકે.

૩. રાજવિદ્રોહ—(ભરત–બાહુબલનું યુદ્ધ) લેખક શ્રી જયભિખ્ખુ. પ્રકાશક–ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય– અમદાવાદ, ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ ૩૬૦, પાકું બાઇંડીંગ, મનોહર જેકેટ, મૂલ્ય રૂા. સવા પાંચ.

શ્રી જયભિખ્ખુની પ્રસિદ્ધ લેખિનીથી લખાયેલ આ પુસ્તક, આપણા સમાજમાં સુપરિચિત ભરત–બાહુબળના યુદ્ધપ્રસંગને, વિશિષ્ટ રીતે આલેખી સુંદર વાચન પૂરું પાડે છે. હકીકત અતિ પ્રાચીન છે, તેને નવલકથાનું રૂપ આપવામાં આવેલ છે. જયહિંદ દૈનિકમાં આ નવલકથા ક્રમશઃ પ્રગટ થતી હતી તેને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. લેખકે પોતાની કલમનો સુપ્રસાદ આ પુસ્તકમાં સ્થળે–સ્થળે વેર્યો છે. વાંચવા અને વસાવવા યોગ્ય આ પુસ્તક છે.

૪. શ્રી ગુરુવંદન ભાષ્યનો છંદોબદ્ધ ભાષાનુવાદ—(વિવેચનાદિ સહિત) કર્તા–પંન્યાસશ્રી સુશીલવિજયજી ગણિવર. પ્રકાશક–શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર–બોટાદ, ક્રાઉન સોળપેજી, પૃષ્ઠ આશરે ૨૦૦, પાકું બાઇંડીંગ, મૂલ્ય રૂા. દોઢ.

કર્તા પંન્યાસશ્રી મહારાજ વિદ્વાન છે. તેમણે ગુરુવંદન ભાષ્યને સમજવા માટે સરલ ભાષામાં સારો અનુવાદ કર્યો છે. તેઓશ્રી અવારનવાર આવા પ્રયાસો કરતાં રહી જનતાને ઉપયોગી સાહિત્ય પીરસી રહ્યા છે. નામ પ્રમાણે આ પુસ્તકમાં ગુરુની મર્યાદા કેવી રીતે સાચવવી, ગુરુ કેવા હોવા જોઇએ વિગેરે સંબંધી સારી માહિતી આપી છે. શરૂઆતના સાઠ જેટલા પૃષ્ઠમાં ગુરુદેવશ્રી વિજયલાવણ્યસૂરિજીના મુંબઈના બે પરાઓ ખાતે થયેલા ચાતુર્માસ પ્રસંગે થયેલ અનેકવિધ ધર્મકાર્યનું વર્ણન કરવામાં આવેલ છે.

૫. दीनाक्रन्दनम्—(ભગવત્પ્રાર્થના) રચયિતા–ન્યા. ન્યા. મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ, ડેમી સોળ પેજી પૃષ્ઠ ૩૨. આ લઘુ પુસ્તિકામાં વિદ્વાન મુનિમહારાજે સંસ્કૃત શ્લોકોમાં પોતે રચેલી પ્રાર્થના, ગુજરાતી અનુવાદ સાથે આપી છે, જે જિજ્ઞાસુઓને ઉપયોગી છે. પૂજ્ય મુનિમહારાજશ્રી આવા નાના નાના ટ્રેક્ટો પ્રસિદ્ધ કરી જનતાને ઉપયોગી કૃતિઓ આપતા રહે છે. પ્રયાસ અભિનંદનીય છે.

નવી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે.

બાર વ્રતની પૂજા–અર્થ સહિત

[તેમજ સ્નાત્રપૂજા]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા–અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી–મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખોઃ–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ–સાધના મુદ્રણાલય, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only